# જિલ્લા પંચાયત, નડિયાદ ખાતે તા. ૨૩/૦૨/૨૦૨૪ ના રોજ “પ્રાકૃતિક કૃષિ તાલીમ અને નિદર્શન કાર્યક્રમ યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટીના, ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર-સણસોલી તેમજ ગુજરાત રાજ્ય ખેતીવાડી ખાતુ, જિલ્લા પંચાયત, નડિયાદના સંયુક્ત ઉપક્રમે  તા. ૨૩/૦૨/૨૦૨૪ ના રોજ નડિયાદ મુકામે પ્રાકૃતિક કૃષિ તાલીમ અને નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો, સદર તાલીમમાં ખેડા જિલ્લાના  કુલ ૧૧૦ ગ્રામ સેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ડૉ. ભરતભાઈ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર - સણસોલી  દ્વારા પ્રાકૃતિક ખેતીના ફાયદા, જમીનનો નમુનો લેવાની રીત, મૂલ્યવર્ધન અને ખેત વ્યવસ્થાપન અંગે સવિસ્તાર માર્ગદર્શન આપેલ.




